# જૈન આગમો

*પ્રાચીન ભારતીય સાહિત્યમાં જૈન આગમોનું અનોખુ ગૌરવપુર્ણ સ્થાન છે. જૈન આગમો એ સ્થૂળ અક્ષરદેહ માત્રથી જ વિશાળ અને વ્યાપક નથી, પરંતુ જ્ઞાન અને વિજ્ઞાનનો, ન્યાય અને નીતિનો, આચાર અને વિચારનો, ધર્મ અને દર્શનનો, અધ્યાત્મ અને અનુભવનો અનુપમ તથા અક્ષયકોષ છે.*

*જૈન આગમ સાહિત્ય એ ભારતીય સાહિત્યની અમૂલ્ય ઉપલબ્ધિ છે, અનુપમ સાગર છે. જૈન ધર્મનો પ્રાણ છે, મુખ્ય આધાર છે. જૈન દ્રષ્ટિએ જેઓએ રાગ, દ્વેષ જીતી,ઘાતીકર્મો ખપાવી તીર્થંકર નામ કર્મના ઉદયથી કેવળજ્ઞાન પ્રગટાવ્યું છે. તેઓ જિન,તિર્થંકર,સર્વજ્ઞ,અરિહંત છે. તેમને આપ્ત-પુરુષ પણ કહેવામાં આવે છે. તેમના વચનો અર્થરુપ છે, તે વચનોને આપ્ત વચનો પણ કહેવામાં આવે છે.*

*આગમો એ સર્વજ્ઞ, સર્વદર્શી વીતરાગ તીર્થંકરોની પવિત્ર વાણીનું સંકલન છે. તીર્થંકર પરમાત્મા ત્રિપદી ઉચ્ચારે- "ઉપ્પનેઈવા,વિગમેઈવા, ધુવેઈવા" આ ત્રિપદી સાંભળીને ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે.*

*વર્તમાન શાસનપતિ ચરમ તીર્થંકર મહાવીર સ્વામી છે અને તેમના પાવન પ્રવચનોનું સંકલન ગણધરોએ કર્યુ છે. તેથી આગમોના અર્થરુપના પ્રણેતા તીર્થંકર છે. અને સૂત્રરુપના પ્રણેતા ગણધર છે. તેથી તીર્થંકર પરમાત્માનો ઉપદેશ તે અર્થાગમ અને તે ઉપદેશનાં આધાર પર થયેલી સૂત્રરચના તે સૂત્રાગમ કહેવાય છે.*

*આ આગમો એ આચાર્યોને માટે અમૂલ્ય નિધિ બની ગયુ હોવાથી તેનું બીજુ નામ "***ગણિ પિટક***" થયું. ગણિ=આચાર્ય અને પિટક=પેટી અર્થાત સાધુનાં આચારપાલનના નિયમો જેમાં રહેલા છે તે પેટીરુપ નિધિ તે દ્વાદશાંગી=૧૨ મુળ આગમો છે. આચાર્યના આચાર પાળવાની અને પળાવવાની પેટી તે "***ગણિ પિટક***"

## ❖ જૈન આગમોની મહત્તા :

*જૈનાગમો અધ્યાત્મ જ્ઞાનનો અનુપમ કોષ છે જ ઉપરાંત વિશ્વની બધી જ વિદ્યાઓનો પણ અજોડ સંગ્રહ છે. ભૌતિક વિજ્ઞાન,ખગોળ શાસ્ત્ર,જયોતિષ શાસ્ત્ર,સમાજશાસ્ત્ર,રાજયશાસ્ત્ર,ગણિતશાસ્ત્ર ટૂંકમાં જ્ઞાનના મહાસાગરનો પાર પામવો અત્યંત મુશ્કેલ છે.*

*પશ્ચિમનાં સમર્થ વિદ્વાનો તેમજ અભ્યાસીઓએ પણ એકરાર કર્યો છે કે આગમજ્ઞાન અંતર્ગત જ્ઞાનની અસંખ્ય શાખા-પ્રશાખાનો આટલો સૂક્ષ્મ અને તલસ્પર્શી અભ્યાસ કોઈ એક વ્યક્તિ કદી કરી શકે નહિ. મહાન આત્મા જ આવું વિરલ સર્જન કરી શકે. આગમોની આ વાણી જીવમાત્રનું રક્ષણ અને કલ્યાણ કરનારી છે. એવી વાણી જિનોની,પરમ હિતકારી,વિશ્વ આલ્હાદકારી છે. - ટૂંકમાં જગતની સમગ્ર જીવ સૃષ્ટિ પર મહાન ઉપકારક વાણી તે જૈન આગમો છે.*

- **આગમોમાં સર્વજ્ઞ તીર્થંકરોની આધ્યાત્મિક દિવ્ય દ્રષ્ટિ હોવાથી આગમોનું જ્ઞાન તે....**

- *કોઈપણ જાતના સ્વાર્થ રહિત અને મોક્ષપ્રાપ્તિ સિવાય બીજા કોઈપણ આશયથી રહિત છે.*
- *સંપૂર્ણ રાગ-દ્વેષથી મુક્ત છે.*
- *સમગ્ર જીવ સૃષ્ટિ માટે હિતકારી / કલ્યાણકારી છે.*
- *પરમાત્માની વાણી ૩૫ વચનાતિશયના ગુણોથી યુક્ત હોવાથી કોઈપણ જાતનાં વિરોધાભાસથી રહિત, ત્રણે કાળમાં સિધ્ધ એવી સત્ય વાણી છે.*
- *આગમમાં રહેલું સત્ય વિશ્વવ્યાપી, સનાતન અને નિત્ય છે.*

*આચાર્ય હરિભદ્રસુરિજીએ લખ્યું છે કે, "જેવી રીતે પાણી વસ્ત્રનાં મેલને ધોઈ તેને ઉજળાં બનાવે છે તેવી રીતે સૂત્ર સિધ્ધાંત એ માનવીના અંતઃકરણમાં રહેલાં કામ, ક્રોધ, મોહ,અજ્ઞાન વગેરે કાલુષ્ય મેલને ધોઈને તેને પવિત્ર અને નિર્મળ બનાવે છે."*

*વીતરાગ બનેલા સર્વજ્ઞ ભગવંતોએ નિષ્પૃહ ભાવે જગતનાં જીવોના હિત માટે ઉત્તમ વાણી સંભળાવી હોવાથી તેમાં રાગ કે દ્વેષનો અંશ માત્ર હોતો નથી. ઉપરાંત સર્વજ્ઞતા, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી કહેલી હોવાથી તેમનાં અર્થપૂર્ણ વચનોમાં ત્રણેય કાળમાં પણ કોઈ ફેરફાર થતો નથી.તેમનાં અર્થગંભીર વચનો પરથી જે સૂત્રો ગણધર ભગવંતો ગૂંથે છે તેને સિધ્ધાંત કહેવામાં આવે છે. આ રીતે ત્રણે કાળમાં સિધ્ધ થયેલાં વચનોને સિધ્ધાંત કહે છે.*

- **આગમના પર્યાયવાચી શબ્દો :** *સૂત્ર, સિધ્ધાંત, શાસ્ત્ર, પ્રવચન, આપ્તવચન, જિનવચન,શ્રુતજ્ઞાન, ઉપદેશ, ગણિપિટક વગેરે સર્વ આગમના પર્યાયવાચી શબ્દો છે. જેનાં પ્રત્યેક શબ્દ ખૂબ અર્થસભર છે અને વિશેષ મહત્વ પણ ધરાવે છે, પરંતુ આગમ, સૂત્ર, સિધ્ધાંત આ નામો વિશેષ જાણીતાં છે.*

  *શ્રુત = સાંભળેલું. ગુરુ પાસેથી શિષ્ય સાંભળે અને સ્મૃતિમાં સાચવે.એક કંઠથી બીજે કંઠે સચવાય તેથી તેને શ્રુતજ્ઞાન કહે છે. આ આગમો પ્રથમ કંઠસ્થ પછી લિપિબદ્ધ અને પછી ગ્રંથ રુપે વર્તમાનમાં આપણને સુલભ છે.વર્તમાનકાળે પ્રાપ્ત થતી દ્વાદશાંગી તીર્થંકર મહાવીર સ્વામીના પાંચમાં ગણધર શ્રી સુધર્માસ્વામીની રચાયેલી છે.*

- **આગમની પરિભાષા : "આ સમાન્તાત ગમ્યત ઈતિ આગમ :"** *જેના દ્વારા (સત્ય) જણાય તે આગમ. આગમ શબ્દ* **"આ"** *ઉપસર્ગ અને* **"ગમ"** *ધાતુનો બનેલો છે.* **"આ"** *નો સરળ અર્થ છે.* **"પૂર્ણ "**=*ચારે તરફથી, બધી બાજુએથી અને* **"ગમ"** *શબ્દનો અર્થ છે* **"ગતિ"** *કે* **"પ્રાપ્તિ"**.. *એટલે કે ..*
  - *આત્મા તરફ ગમન કરાવે તે આગમ.*
  - *જેનાથી આત્માને સમ્યક બોધની પ્રાપ્તિ થાય તે.*
  - *જેના દ્વારા આત્મા અહિંસા, સંયમ અને તપ સાધના તરફ પ્રયાણ કરે તે આગમ.*
  - *આગમ એટલે આત્મવિદ્યા કે મોક્ષવિદ્યાનો મૂળસ્ત્રોત..*
  - *આગમ એટલે મોક્ષમાર્ગનું નિરુપણ.*

❖ **આગમ સાહિત્યની ભાષા :** *બધા જિનગામો બિહારની પ્રાદેશિક ભાષામાં લખાયેલા છે જેને જૈન સમાજ "અર્ધ માગધી" ભાષા તરીકે ઓળખે છે."મગધ" એ બિહારનો મુખ્ય પ્રદેશ હતો. બિહાર શબ્દ તો પાછળથી ઉદ્‌ભવ પામ્યો છે. અન્યથા ગયા, પટના, આરા અને રાજગીરનો કેટલોક ભાગ મગધ દેશ તરીકે ઓળખાતો હતો. મગધમાં જે ભાષા બોલાતી હતી તેને માગધી ભાષા કહેવામાં આવતી. જયારે જૈન શ્રમણોનું ક્ષેત્ર મગધથી બિહાર,વૈશાલી અને નેપાલની તરાઈ તેમજ પશ્ચિમમાં કાશી, બનારસ સુધી ફેલાયેલું હતું. તેથી બીજી ભાષાઓનો સબંધ રહેતો અને 'અપભ્રંશ, પાલી, પિચાશી, રાક્ષસી, કાશ્મીરી તથા માગધી' આ બધી જ ભાષાઓનું સંમિશ્રણ હતું.*

*અર્ધામાં માગધી અને અર્ધામાં બાકીની ભાષાઓ તેમાં સમાયેલી હતી તેથી આગમની ભાષા અર્ધમાગધી કહેવામાં આવતી. આ રીતે તીર્થંકર મહાવીરે સરળ, સહજ અને લોકભાષામાં ઉપદેશ આપ્યો હતો તેના આધારે આગમની ભાષા અર્ધમાગધી રહી.*

❖ **જૈન આગમની ત્રણ મુખ્ય વાચના (સંમેલન) :** *જૈન આગમોને લખવાની તીર્થંકર મહાવીર સ્વીમીના સમયમાં પ્રવૃત્તિ ન હતી. જૈનાગમો વીર નિર્વાણ પછી પણ ઘણાં વરસો સુધી લખાયેલા ન હતા. કેવળ કંઠસ્થ પાઠો ચાલતાં હતાં એટલે સમયાંતરે જૈનાચાર્યોએ આ બધા શાસ્ત્રોની સરિતાને પ્રવાહિત કરી. એકરુપતા લાવવા માટે સંમેલન ગોઠવ્યા. જેને "જૈન આગમ વાચના" એવું નામ આપવામાં આવ્યું અને ક્રમશ : આગમ આધારીત વાચનાઓ કાલાંતરે થતી રહી.*

૧. **<u>પ્રથમ પાટલી પુત્ર વાંચના :</u>** *તીર્થંકર મહાવીરનાં પરિનિર્વાણ પછી ૧૬૦ વર્ષે નંદરાજાના રાજયમાં ઉપરા ઉપરી ૧૨ વર્ષનો મહાભીષણ દુષ્કાળ પડવાથી સંઘનો નિર્વાહ મુશ્કેલ થયો. કંઠસ્થ શ્રુત વિસ્મૃત થવા લાગ્યું. સુકાળનું વાતાવરણ સર્જાતા આચાર્ય સ્થુલિભદ્રની નિશ્રામાં પાટલીપુત્ર (પટના)માં સમગ્ર સંઘ એકત્રિત થયો. સંઘને શ્રુતવિષયક ચિંતા થઈ કે હવે કોની પાસે કેટલા સૂત્ર-અર્થ સ્મૃતિમાં હશે ! જેની પાસે જે શ્રુત, ઉદ્દેશક, અધ્યયન હતા તેને એકત્રિત કરી વાચના કરી. આચારાંગાદિ ૧૧ અંગ સુવ્યવસ્થિત થઈ ગયા પરંતુ બારમું " દ્રષ્ટિવાદ" અંગ નષ્ટ પ્રાયઃ થઈ ગયું હતું. તે સમયે એકમાત્ર આચાર્ય ભદ્રબાહુ સ્વામી નેપાળમાં મહાપ્રાણ ધ્યાનની સાધનામાં રત હતા. સંઘે તેમની પાસે મુનિ સ્થુલિભદ્ર વગેરે ૫૦૦ મુનિઓને ૧૪ પૂર્વનું જ્ઞાન ભણવા મોકલ્યા. તેમાંથી માત્ર સ્થુલિભદ્રજીએ ૧૪ પૂર્વ મૂળસૂત્ર અને ૧૦ પૂર્વ અર્થ સાથે ગ્રહણ કર્યા. બાકીના ૪ પૂર્વ માત્ર મૂળ જ ભણ્યા,ત્યારપછી બીજા કોઈને ૧૪ પૂર્વનું જ્ઞાન થયું જ નહીં એટલે આચાર્ય ભદ્રબાહુ સ્વામી અર્થસહિત ચૌદ પૂર્વના જાણકાર છેલ્લાં "શ્રુતકેવળી" મનાય છે.*

૨. **<u>બીજી માથુરી વાચના :</u>** *વીર સં. ૮૨૭ થી ૮૪૦ માં મથુરામાં આચાર્ય સ્કન્દિલનાં નેતૃત્વમાં ૧૨૫ સ્થવિરોનાં સહકારથી એકાદશાંગીને વ્યવસ્થિત કરી. આચાર્ય ગંધહસ્તિએ અંગો પર નિર્યુક્તિને અનુસરતા વિવરણો બનાવ્યા, અને પોતે રચેલ "તત્વાર્થસૂત્ર" પર ૮૦,૦૦૦ શ્લોકોનું મહાભાષ્ય રચ્યું. તેમને ત્રણ પૂર્વનું જ્ઞાન હતું. આ વાચના "માથુરી વાચના" તરીકે ઓળખાય છે.*

*(તે સમયે જ વલ્લભીપુરમાં આચાર્ય નાગાર્જુનની અધ્યક્ષતા નીચે આગમ અનુયોગ વાંચના થઈ તે નાગાર્જુનીય વાચના તરીકે ઓળખાય છે.)*

૩. **વલ્લભી વાચના (દ્વિતીય) :** *વીર સં. ૯૮૦ માં વલ્લભીપુરના દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સાનિધ્યમાં ૫૦૦ આચાર્યો એકત્રિત થયા અને ત્રુટિત અત્રુટિત આગમના પાઠોને અનુક્રમે પોતાની મેઘાથી અર્ધમાગધી તથા પાકૃત ભાષામાં ૮૪ આગમો લખ્યા હતા.વાચના અને લેખનકાર્ય આ બંને ઐતહાસિક કાર્યો વલ્લભીપુરમાં ૧૩ વર્ષે સંપન્ન થયા. દેવર્ધિગણ ક્ષમાશ્રમણ એક પૂર્વના જ્ઞાતા હતા. તેમના પછી પૂર્વનું જ્ઞાન સંપૂર્ણ નાશ પામ્યું. અને બારમું અંગ દ્દષ્ટિવાદ વિચ્છેદ ગયું હોવાથી ૧૧ અંગોને લિપિબદ્ધ કર્યા.*

❖ **જૈન આગમોમાં અનુયોગથી વર્ણન :** *"**અનુ**" અને "**યોગ**" એમ બે શબ્દોના સંયોગથી અનુયોગ શબ્દ બન્યો છે. "**અનુયોગ**" એટલે શબ્દનું અર્થ સાથે જોડાણ કરવું અથવા શબ્દની વ્યાખ્યા કે વિવરણ કરવું, સૂત્ર સાથે અર્થનો યોગ તે અનુયોગ.અનુયોગમાં વિવિધ રીતે ભેદ-પ્રભેદ જોવા મળે છે. પરંતુ મુખ્ય ચાર વિભાગ મળે છે તે રીતે આગમશાસ્ત્રો ચાર વિભાગમાં વિભક્ત છે તે...*

૧. **ચરણકરણાનુયોગ:** *ચરણ અર્થાત આચાર અને કરણ અર્થાત વિચાર. ચરણકરણાનુયોગ અર્થાત જેમાં સાધુ અથવા શ્રાવકોના આચાર-વિચાર, તેમના વિધિ-નિષેધ અથવા સાધનામાં પરિપક્વતા માટેના ઉપાયો વગેરે. આ પ્રમાણે શ્રાવક અને સાધુના આચારને વર્ણવતા અનુયોગને ચરણકરણાનુયોગ કહેવામાં આવે છે. દા. ત. આચારાંગ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર.*

૨. **ધર્મકથાનુયોગ :** *સર્વજ્ઞ કથિત અહિંસા, સંયમ, તપ તેમજ ધર્મ-કર્મના સિધ્ધાંતો સમજાવવા માટે કહેવાતા કથાનકો તેમજ ત્રિષષ્ઠી શ્લાઘનીય પુરુષો અને અન્ય મહાપુરુષોના માધ્યમથી ધર્મને વર્ણવતા યોગને ધર્મકથાનુયોગ કહે છે. દા.ત. જ્ઞાતાધર્મ કથા.*

*ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ૨૫મા બોલમાં ગણધર ગુરુ ગૌતમસ્વામી તીર્થકર પ્રભુ મહાવીર સ્વામીને પ્રશ્ન પુછે છે કે* **"હે ભગવન ! ધર્મકથા એટલે કે ધર્મનો ઉપદેશ, ધર્મ પ્રવચન કરવાથી જીવને શું લાભ થાય છે."** *પ્રભુ મહાવીર સ્વામીએ ઉત્તર દર્શાવતા કહ્યું કે,* **"હે ગૌતમ ! ધર્મકથા કરવાથી જીવ કર્મોની નિર્જરા કરે છે, તે જિન પ્રવચનની પ્રભાવના કરે છે. ઉપદેશને પ્રકાશિત કરે છે. આ રીતે ધર્મકથા કરનાર જીવ ભવિષ્યમાં ભદ્રતા-કલ્યાણની પ્રાપ્તિ કરે છે.અને શુભ કર્મોનો બંધ કરે છે."**

૩. **ગણિતાનુયોગ :** *ગણિતનાં માધ્યમથી વિષયને સ્પષ્ટ કરવો અને યથાર્થ પરિણામ દર્શાવવું તે ગણિતાનુયોગ છે. જેમાં ભુગોળ,ખગોળ, કાળ અને અંતરિક્ષ વિજ્ઞાન સબંધી વર્ણન તે ગણિતાનુયોગ છે.દા.ત.સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્રનાં મંડળો, તેની સંખ્યા, કાળમાન, ત્રણે લોકના દ્રીપ-સમુદ્રો- વિમાનો, નરકાવાસ વગેરે સૂક્ષ્માતિસૂક્ષ્મ ગણતરી તેમજ તેના અભ્યાસને ગણિતાનુયોગ કહે છે. દાત.જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર*

૪. **<u>દ્રવ્યાનુયોગ :</u>** *જીવાદિ છ દ્રવ્યો, નવ તત્વ, લેશ્યા, કષાય, કર્મ સિધ્ધાંત આદિ વિષયોનાં વર્ણનને દ્રવ્યાનુયોગ કહે છે.દ્રવ્યાનુયોગ એ સૌથી વિશાળ અને જટિલ છે. દ્રવ્યનો દ્રવ્ય સાથે,દ્રવ્યનો ગુણ સાથે તેમજ દ્રવ્યનો પર્યાય સાથે સબંધ સ્થાપિત કરવો તેને દ્રવ્યાનુયોગ કહે છે. દા.ત.ભગવતી સૂત્ર*

*કોઈપણ એક અનુયોગનાં પ્રાધાન્યને કેન્દ્રમાં રાખી આગમોમાં વર્ણન દર્શાવ્યું છે. પરંતુ એક કે એકથી વધારે કે ચારે અનુયોગો એક આગમમાં પણ હોય શકે છે. કોઈ આગમમાં દ્રવ્યાનુયોગની મુખ્યતા, કોઈમાં ગણિતાનુયોગની મુખ્યતા તેમ ભગવતી સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્રમાં ચારે અનુયોગથી વર્ણન પ્રાપ્ત થાય છે.*

❖ **આગમોનું વર્ગીકરણ :** *આગમોનું જે વર્તમાન રુપ છે તે દેવર્ધિગણિ શ્રમાશ્રમણના સમયથી સંકલિત છે. તેઓએ અંગ પ્રવિષ્ટ અને અંગબાહ્ય બંનેનું સંકલન અને સંપાદન કર્યું. તેમ બંને પ્રકારનાં આગમોનું સંકલન અને સંપાદન દેવર્ધિગણિ શ્રમાશ્રમણે અન્ય ૫૦૦ આચાર્યો સાથે ૧૩ વર્ષે સંપન્ન કર્યુ હતું.*

*શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન માન્યતા મુજબ ઉપલબ્ધ આગમો ૪૫ છે તેમાં કેટલાંક આગમો ગદ્યમાં છે તો કેટલાંક આગમો પદ્યમાં છે. આ આગમો તીર્થંકર મહાવીરની વાણી, ઉપદેશનાં સાર રુપ છે. તેની ભાષા અર્ધમાગધી ભાષા છે. અર્ધમાગધી પ્રાકૃત્ત ભાષાનું જ એક સ્વરુપ છે જૈન આગમ સાહિત્ય મુખ્ય બે વિભાગમાં વિભક્ત છે.*

**(૧) અંગ પ્રવિષ્ટ આગમ**
**(૨) અંગ બાહ્ય આગમ**

**આગમ સાહિત્ય**

| ૧. | ૨. |
|---|---|
| **અંગ પ્રવિષ્ટ આગમો** | **અંગ બાહ્ય આગમો** |
| *(તીર્થંકર પ્રભુના શ્રીમુખે ત્રિપદી સાંભળીને ગણધર ભગવંતો તેને ગૂંથે છે, રચના કરે છે. તેને અંગ પ્રવિષ્ટ આગમો કહે છે.)* | *(અંગ સૂત્રોનો આધાર લઈ સ્થવિર,આચાર્યો આદિ ભંગવતોએ રચેલ ગ્રંથોને અંગ બાહ્ય આગમો કહે છે. )* |

*૧૪ રાજલોકમાં જેમ શ્રુતપુરુષની કલ્પના કરવામાં આવી છે. તેવી રીતે અંગ સાહિત્ય માટે શ્રુતજ્ઞાનનાં પણ ૧૨ આગમો રચીને જાણે શ્રુતપુરુષના ૧૨ અંગ કેમ ન હોય, તેમ અંગ-આગમનાં નામ આપ્યા છે. પુરુષના શરીરમાં મુખ્ય બાર અંગ હોય છે.બે પગ,બે હાથ,બે જાંઘ,બે સાથળ,પેટ, વાંસો,કંઠ, મસ્તક જે આ પ્રમાણે છે.*

શ્રુત-પુરુષની પ્રાચીન રેખાકૃતિઓમાં અંગ પ્રવિષ્ટ શ્રુતની સ્થાપના આ પ્રમાણે છે.

| ક્રમ | શરીરનું અંગ | ક્રમ | અંગ પ્રવિષ્ટ આગમ (દ્વાદશાંગી) |
|---|---|---|---|
| ૧. | જમણો પગ | ૧. | આચારાંગ સૂત્ર |
| ૨. | ડાબો પગ | ૨. | સૂત્રકૃતાંગ સૂત્ર |
| ૩. | જમણી જાંઘ | ૩. | સ્થાનાંગ સૂત્ર |
| ૪. | ડાબી જાંઘ | ૪. | સમવાયાંગ સૂત્ર |
| ૫. | જમણો ઉરુ (સાથળ) | ૫. | ભગવતી સૂત્ર |
| ૬. | ડાબો ઉરુ | ૬. | જ્ઞાતા ધર્મકથા સૂત્ર |
| ૭. | ઉદર | ૭. | ઉપાસક દશાંગ સૂત્ર |
| ૮. | પીઠ | ૮. | અંતકૃત દશાંગ સૂત્ર |
| ૯. | જમણો હાથ | ૯. | અનુત્તરોપપાતિક સૂત્ર |
| ૧૦. | ડાબો હાથ | ૧૦. | પ્રશ્ન વ્યાકરણ સૂત્ર |
| ૧૧. | ગ્રીવા | ૧૧. | વિપાક સૂત્ર |
| ૧૨. | શિર-મસ્તક | ૧૨. | દ્રષ્ટિવાદ સૂત્ર (વિચ્છેદ છે.) |

## ❖ જૈન આગમોનો સંક્ષિપ્ત પરિચય :

*ગણધર કૃત દ્વાદશાંગીના ૧૨ અંગ આગમો તથા તે આગમો પરથી પ્રકાશ પાડતું સ્થવિર ભંગવતો દ્વારા રચાયેલુ સાહિત્ય તે ૩૪ અંગ બાહ્ય આગમો. આ સાહિત્ય વર્તમાનમાં ૩૪ ગ્રંથોમાં ઉપલબ્ધ છે તેનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.*

## ૧) અંગ પ્રવિષ્ટ આગમો / દ્વાદશાંગી / ૧૨ અંગ આગમો :

૧. **આચારાંગ સૂત્ર :** *દ્વાદશાંગીનું પ્રથમ અંગસૂત્ર આચારાંગ છે. આચાર પાલન એ સાધનનો પ્રાણ છે, મુક્તિનો માર્ગ છે, સહુથી પ્રથમ ધર્મ આચાર પાલન છે.*

*આ આગમનાં બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં નવ અધ્યયનો છે અને બીજા શ્રુતસ્કંધમાં સોળ અધ્યયનો છે. જેમાં સાધુનાં પંચાચાર, ભિક્ષાગ્રહણ વિધિ, આહાર, પાણી, ઉપકરણ,વ્રત, નિયમ, તપ વગેરે જીવન શુધ્ધિનું સંયમી જીવનનાં આચાર વિચારનું તેમજ તીર્થકર પ્રભુ મહાવીરની ઉત્કટ સાધના આદિનું વર્ણન છે.*

૨. **સૂત્રકૃતાંગ સૂત્ર :** *બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૬ અને બીજા શ્રુતસ્કંધમાં ૭ મળી કુલ ૨૩ અધ્યયનો છે.*

સૂત્રકૃતાંગ આગમમાં સ્વ સમય, પર સમય, જીવ-અજીવ, લોક-અલોક સૂચિત છે. તે સાથે નિયતિવાદી, અજ્ઞાતવાદી, અક્રિયાવાદી, વિનયવાદી, ક્રિયાવાદી આદિ એકાંતવાદીઓના ૩૬૩ મતોનું સ્યાદ્‌વાદથી નિરાકરણ કરીને યથાર્થ વસ્તુ સ્વરુપનું વર્ણન છે.

૩. **સ્થાનાંગ સૂત્ર :** "જીવાદિક" પદાર્થોનું અનુક્રમે સ્થાપવું તેને "સ્થાનાંગ" કહે છે. જીવનું જીવપણે, અજીવનું અજીવપણે, લોક-અલોક વગેરે વર્ણન છે. આ શ્રુતમાં સંખ્યાને પ્રધાનતા આપવામાં આવેલ છે.

૧ શ્રુતસ્કંધમાં જગતનાં ભિન્ન - ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ ૧ થી ૧૦ સુધીની સંખ્યામાં કરવામાં આવ્યું છે.

૪. **સમવાયાંગ સૂત્ર :** જે શાસ્ત્રમાં સમસ્ત પદાર્થોનું સમ્યક પ્રકારનું જ્ઞાન હોય તેને સમવાય કહે છે. "સમવાય" એટલે સમૂહ.

આ આગમમાં જગતનાં વિવિધ નાના-મોટા પદાર્થોનો ૧ થી ૧૦૦ સુધીને સંખ્યાનો વિશિષ્ટ પરિચય આત્મલક્ષી દ્રષ્ટિથી આપવામાં આવ્યો છે. ઉપરોક્ત સ્થાનાંગ અને સમવાયાંગ બંને ગ્રંથો જ્ઞાનકોષ જેવા છે.

૫. **ભગવતી સૂત્ર જેનું બીજુ નામ વિવાહ પ્રજ્ઞપ્તિ સૂત્ર :** ભગવતી સૂત્ર એ દ્વાદશાંગીનું સૌથી મોટું અને ગૂઢાર્થવાળુ આગમ છે. આ આગમનાં ૪૧ વિભાગો છે તે શતક તરીકે ઓળખવામાં આવેલ છે. શતકનાં પેટાવિભાગને "**ઉદ્દેશક**" કહેવાય છે. ભગવતી સૂત્ર એટલે દ્રવ્યાનુયોગનો ખજાનો છે સાથે બાકીના ત્રણે અનુયોગો પણ સમાયેલા છે.

આ આગમમાં તાત્વિક, આચારસંબંધી, ગણિતસંબંધી, રાજનૈતિક, ઐતહાસિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક વગેરે જગતનાં ભિન્ન ભિન્ન પદાર્થોનું વિશિષ્ટ શૈલીથી પૃથ્થકરણ, વિવેચન, ભેદ આદિરુપે વર્ણન છે. પ્રથમ ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામીએ પૂછેલા ૩૬,૦૦૦ પ્રશ્નોમાં સુંદર સમાધાનોનું સંકલન છે. ઉપરાંત અગ્નિભૂતિ, વાયુભૂતિ, મંડિતપુત્ર, રોહક, જયંતિ શ્રાવિકા અને કેટલીક અજૈન વ્યક્તિઓનાં પ્રશ્નોત્તર છે. જૈનદર્શનનાં પ્રાયઃ બધા સિધ્ધાંતોનું અદભૂત વર્ણન છે.

૬. **જ્ઞાતા ધર્મ કથા સૂત્ર :** બે શ્રુતસ્કંધ છે. પ્રથમ શ્રુતસ્કંધનું નામ જ્ઞાતા એટલે પ્રસિધ્ધ કથાનકો છે. જેનો ૧૯ અધ્યયન છે અને બીજા શ્રુતસ્કંધનું નામ ધર્મકથા જેમાં દશ જીવન ચરિત્રરુપ ઘટનાઓનો ઉલ્લેખ છે તેનાં ૧૦ અધ્યયન મળી કુલ ૨૯ અધ્યયનો છે.

આ આગમના અધ્યયનથી આત્મા તત્વ સ્વરુપ જણાય છે. આત્મા જ્ઞાન સ્વરુપ જણાય છે. વિજ્ઞાન જણાય છે. ચરણ અને કરણનું વર્ણન કથાનાં માધ્યમથી કરવામાં આવેલું છે.

૭. **ઉપાસક દશાંગ સૂત્ર :** *ઉપાસક એટલે ધર્મની ઉપાસના કરનાર શ્રાવક. એક શ્રુતસ્કંધ અને તેનાં ૧૦ અધ્યયનોમાં ભગવાન મહાવીરનાં શાસનમાં થયેલા આનંદ કામદેવ, ચૂલણીપિતા, સુરાદેવ, ચુલણીશતક, કુંડકૌલિક વગેરે ૧૦ આદર્શ શ્રાવકોનો વૈભવ અને ત્યાગ-વૈરાગ્યનું વિશિષ્ટ વર્ણન છે. પ્રથમ આનંદ શ્રાવકના અધિકારમાં શ્રાવકના અણુવ્રતો, ગુણવ્રતો, શિક્ષાવ્રતો, સંલેખના વગેરેનું વિસ્તૃત વર્ણન છે.*

૮. **અંતગડ દશાંગ / અંતકૃત દશાંગ સૂત્ર :** *જે ભવનો અંત કરે તેને અંતકૃત, અંતગડ કહેવાય છે. આ આગમમાં શ્રુતસ્કંધ અને ૯૦ અધ્યયનો છે. જેમાં પ્રભુશાસનને પામી સંસાર ત્યાગ કરી ઉત્કૃષ્ટ સાધના કરવા દ્વારા કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરી મુક્ત થનારા ૯૦ જીવોનું પ્રેરણાયુક્ત વર્ણન કરવામાં આવ્યું છે.*

*આ આગમનું ઘણું ઉંચુ સ્થાન છે. ઉત્તર ભારતમાં પર્યુષણ પર્વના માંગલિક દિવસોમાં આ આગમનાં એક એક વર્ગનું વાંચન કરી આઠ વર્ગની વાંચણી આઠ દિવસમાં પુરી કરવામાં આવે છે.*

૯. **અનુત્તરોપપાતિક સૂત્ર :** *અનુત્તર અર્થાત જેનાથી ચડિયાતા બીજા કોઈ જ નથી. સર્વથી શ્રેષ્ઠ અને ઉપપાતિક અર્થાત્ ઉપપાત એટલે કે દેવોના જન્મને ઉપપાત કહે છે. દેવો મનુષ્યની જેમ માતાના ગર્ભમાં જન્મતા નથી, પરંતુ યુવાન વયે દેવશય્યામાં જ ઉત્પન્ન થાય છે. તેવો દેવોમાંથી જેનો જન્મ અનુત્તર વિમાનમાં થાય છે. તેવા પાંચ અનુત્તર વિમાનમાં ઉતપન્ન થતાં જીવો અનુત્તરોપપાતિક છે.*

*આ આગમમાં ૧ શ્રુતસ્કંધ, ૩ વર્ગ અને ૩૩ અધ્યયન છે. જેમાં ધર્મની આરાધનાના વિશિષ્ટ પ્રભાવે જગતનાં સર્વોત્તમ દેવલોક એવા અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર ૩૩ એકાવતારી મહાત્માઓનાં જીવન ચરિત્રો છે.*

૧૦. **પ્રશ્ન વ્યાકરણ સૂત્ર :** *પૂછાયેલાં પ્રશ્નોના નિર્ણયાત્મક જવાબો જેમાં છે તેવા પ્રશ્નોત્તરવાળુ સૂત્ર તે પ્રશ્ન વ્યાકરણ સૂત્ર છે. જેમાં આશ્રવ અને સંવરનું વર્ણન છે.*

*આ આગમમાં એક શ્રુતસ્કંધ છે. મુખ્યત્વે બે વિભાગ છે. બંને વિભાગનાં ૫-૫ અધ્યયન મળી કુલ ૧૦ અધ્યયન છે. પ્રથમ વિભાગમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ એ પાંચ આશ્રવ. પાંચ અધર્મના દ્વાર અને તે દરેક આશ્રવ દુર્ગતિ અને દુઃખ દેનારા છે. તેને નિર્મૂળ કરી ભવસાગર તરવા માટે બીજા વિભાગમાં અહિંસા, સત્ય, અચોર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ સંવર દ્વારનું વિસ્તૃત વર્ણન છે.*

૧૧. **વિપાક સૂત્ર :** *વિપાક = ફળ. શુભાશુભ કર્મમાં પરિણામનું પ્રતિપાદન કરે તે વિપાક સૂત્ર જેટલી આરાધના તેટલું સુખ, આનંદ. આ આગમનાં બે શ્રુતસ્કંધ છે. બંને વિભાગના ૧૦-૧૦ અધ્યયન મળી કુલ ૨૦ અધ્યયનો છે.*

*વિપાક સૂત્રનો પ્રથમ વિભાગ દુઃખ વિપાક છે. જેમાં અજ્ઞાન અવસ્થામાં બાંધેલા અશુભ કર્મોના ભયંકર વિપાક, ભયંકર ફળનું વર્ણન છે. પછીના ૧૦ અધ્યયન સુખ વિપાકના છે. જેમાં દાન-શીલ-તપ-ભાવ આદિ ધર્મથી મળતાં સુખના ઉદાહરણો છે.*

૧૨. **દ્રષ્ટિવાદ અંગસૂત્ર :** *આ ગ્રંથના પાંચ વિભાગ હતા.* **૧) પરિક્રમા ૨) સૂત્ર ૩) અનુયોગ ૪) ૧૪ પૂર્વ ૫) ચૂલિકા**..*૧૪ પૂર્વનું પણ વિસ્તૃત કથન હતું જે વર્તમાનમાં વિચ્છેદ ગયું છે. સમવાયાંગ સૂત્રમાં ૧૪ પૂર્વના સારની વિગત પ્રાપ્ત થાય છે.*

૨) **અંગ બાહ્ય આગમો :** *સ્થવિર ભગવંતો કૃત ૩૪ અંગબાહ્ય આગમોનું સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.*(૧) **૧૨ ઉપાંગ સૂત્ર** (૨) **૪ મૂળસૂત્ર** (૩) **૬ છેદસૂત્ર** (૪) **૨ ચૂલિકાસૂત્ર** (૫) **૧૦ પ્રકીર્ણક સૂત્ર.** *જેનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે.*

(૧) **૧૨ ઉપાંગ સૂત્રો :**

૧. **ઔપપાતિક ઉવવાઈ સૂત્ર** *: ઉપપાતને લક્ષમાં રાખીને જેમાં પદાર્થોનું સ્વરુપ દર્શાવ્યું છે.*

૨. **રાયપસેણીય સૂત્ર :** *પરદેશી રાજાની અને તેના આગલા/પૂર્વ જન્મ (રાજ પ્રશ્નીય) ની કથા.*

૩. **જીવાભિગમ સૂત્ર :** *સંસારના સમગ્ર જીવો વિશેનું સુક્ષ્મ જ્ઞાન અને વર્ણન.*

૪. **પન્નવણા/પ્રજ્ઞાપના સૂત્ર :** *શ્વેતામ્બર સંપ્રદાય માટે ઘણો પૂજનીય ગ્રંથ. આ ગ્રંથને લઘુ ભગવતી સૂત્ર પણ કહે છે. આ ગ્રંથમાં લુપ્ત થયેલા ૧૨ માં દ્રષ્ટિવાદ સૂત્રનો સારાંશ છે. આ એક મહાન ગ્રંથ છે. જેમાં છત્રીસ પ્રકરણ છે. આત્માના સ્વરુપ અને ગુણધર્મોને જુદા જુદા દ્રષ્ટિકોણથી સમજાવ્યું છે.*

૫. **સૂર્ય પ્રજ્ઞપ્તિ - ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર :** *ગ્રહ, નક્ષત્ર, તારા આદિની ગતિનાં વર્ણન સાથે ચંદ્ર સૂર્યની ગતિ, ઉત્તરાયણ, દક્ષિણાયન, આદિની સૂક્ષ્મ ચર્ચા.*

૬. **નિરયાવલિકા સૂત્ર :** *નિરય = નરકમાં જનારા જીવોની શ્રેણીનું વર્ણન.*

૭. **કલ્પવતંસિકા સૂત્ર :** *દેવલોકમાં જનારા જીવોની કથા,તેના ગત જન્મોનું વર્ણન.*

૮. **પુષ્પિકા સૂત્ર :** *૯ દેવ અને ૧ બહુપુત્રિકા દેવી એમ ૧૦ દેવો દ્વારા મહાવીર પ્રભુનાં સમવસરણમાં નાટયવિધિ દ્રારા ભક્તિભાવનું વર્ણન દર્શાવેલ છે.*

૯. **પુષ્પચુલિકા સૂત્ર :** *૧૦ દેવીઓના કથાનકો છે.જેઓએ પૂર્વે મનુષ્ય ભવમાં સંયમ ચારિત્ર ગ્રહણ કરી આત્મ કલ્યાણનાં માર્ગે ચાલતાં છતાં સ્વચ્છંદતાથી વર્તન કરનારની દુર્દશાનું વર્ણન.*

૧૦. **વૃષ્ણિદશા સૂત્ર :** *વૃષ્ણિવંશના બળદેવ બળભદ્રજીનાં નિષધ આદિ ૧૨ કુમારો નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા સ્વીકારી ઉત્તમ સંયમ જીવન પાલન કરતાં શ્રેષ્ઠ સવાર્થ સિધ્ધ મહાવિમાનમાં ઉપજયા તેનું વર્ણન.*

(૨) **<u>૪ મૂળસૂત્રો :</u>** *જે સાધુઓના આધ્યાત્મિક અભ્યાસ માટે પાયાના અને પ્રાથમિક જ્ઞાનના સૂત્રો છે.*

૧. **<u>આવશ્યક સૂત્ર</u>** *: રોજીંદા જીવનના નિયમો, છ આવશ્યકનું વર્ણન.*

૨. **<u>દશવૈકાલિક સૂત્ર :</u>** *આચાર્ય શય્યંભવસુરિજી દ્વારા નવદિક્ષિત સાધુઓ માટે આચારનું વર્ણન દર્શાવતો સરળ શૈલીમાં રચિત ગ્રંથ.*

૩. **<u>ઉત્તરાધ્યયન સૂત્ર :</u>** *ભગવાન મહાવીરનો નિર્વાણ પામ્યા તે પહેલાનો અંતિમ ઉપદેશ તે ઉત્તરાધ્યયન સૂત્ર છે. જેમાં પાયાના સિધ્ધાંતોને કથાઓ, વાર્તાલાપ,દ્રષ્ટાંતો વગેરેથી સમજાવવામાં આવ્યા છે. હિન્દુ ધર્મમાં "***ગીતા***" અને બૌદ્ધ ધર્મમાં "***ધમ્મપદ***" ગ્રંથ જેવું સ્થાન જૈન આગમ સાહિત્યમાં ઉત્તરાધ્યયન સૂત્રનું છે.આ આગમ તીર્થંકર મહાવીરની વાણીનું પ્રતિનિધિત્વ કરનાર આગમ છે. ૨૩માં તીર્થંકર પાર્શ્વનાથ અને ૨૪માં તીર્થંકર મહાવીરની પરંપરાના બધા જ વિષયોનું સમુચિત રીતે પ્રતિપાદન થયેલ છે. ચારે અનુયોગોનો અનોખો અર્થપૂર્ણ સંગમ થયો છે. આ સૂત્રના કુલ ૩૬ અધ્યયન છે.*

૪. **<u>ઓઘ નિર્યુક્તિ અથવા પિંડ નિર્યુક્તિ સૂત્ર</u>** *: જુદી જુદી પ્રવૃત્તિઓ કરતી વખતે / સમયે સમયે પાળવાના નિયમો અને શિસ્ત સમજાવેલ છે.*

(૩) **<u>૬ છેદસૂત્ર</u>** *:* **'છેદ'** *એટલે* **'કાપ'.** *વ્રતો અને નિયમોમાં ભંગ કરવા બદલ પ્રાયશ્ચિત રુપે કરવામાં આવતાં દંડ અથવા સજા જે ખાસ કરીને બઢતીના એટલે ઉચ્ચ પદવી મળવામાં* **'કાપ'** *રુપે આપવામાં આવે તે છ (૬) છેદ સૂત્રો છે. જેના નામ આ પ્રમાણે છે.*

૧. **નિશીથ સૂત્ર** *: સાધુઓના દોષ અને પ્રાયશ્ચિત લેવાનું વર્ણન છે.*

૨. **મહા નિશીથ સૂત્ર** *: પાપ - પ્રાયશ્ચિતનું વર્ણન છે.*

૩. **વ્યવહાર સૂત્ર** *: શાસન-શિક્ષા વિધિ છે. પંચકલ્પ તેનો બીજો વિભાગ છે.*

૪. **દશા-શ્રુતસ્કંધ સૂત્ર** *: જેનું બીજુ નામ આચાર દશા છે. ૧૦ પ્રકરણો છે. નવમાં અધ્યાયમાં આચાર્ય ભદ્રબાહુસ્વામી રચિત "કલ્પસૂત્ર" છે.*

૫. **જીત કલ્પસૂત્ર** *: સાધુ-સાધ્વી માટેની વિધિ છે.*

૬. **બૃહત કલ્પસૂત્ર** *: સાધુ-સાધ્વી માટેની વિધિ છે.*

(૪ ) **<u>૨ ચુલિકા સૂત્રો :</u>** *અંગ બાહ્યના અંતિમ ભાગને ચુલિકા સૂત્ર કહેવાય છે. આ સૂત્રો વિષયનું સ્પષ્ટીકરણ દર્શાવિતા ઉપસંહાર રુપ સૂત્રો છે.જે આગમોના પરિશિષ્ટ સમાન છે અને અધ્યયન માટે ભૂમિકાનું પણ કામ કરે છે. તેના બે ગ્રંથ છે.*

૧. **નંદી સૂત્ર :** *તિર્થંકરો, ગણધરો, પાંચ પ્રકારના જ્ઞાન વગેરેનું વિસ્તૃત વર્ણન છે.*

૨. **અનુયોગદ્વાર સૂત્ર :** *આચાર્ય આર્યરક્ષિત કૃત ગ્રંથ છે જેઓ શ્રી તેમના સમયમાં ૧૩ વર્ષ સુધી યુગપ્રધાન રહ્યા હતા. મૂળભૂત જૈન ધર્મ, જૈન દર્શન, સાધુના આચાર વગેરે વિષયોની સમજ તેમજ વિશિષ્ટ પારિભાષિક શબ્દોનું સ્પષ્ટીકરણ છે.*

**(૫) <u>૧૦ પ્રકીર્ણક સૂત્રો :</u>** *પ્રકીર્ણ એટલે વિવિધ. પ્રકીર્ણક અંતર્ગત વિવિધ વિષયોના સૂત્રો છે જેમાં દશ ટૂંકા પાઠોનું સંકલન છે જુદી જુદી વિધિઓ માટેના મંત્રો છે અને સ્વેચ્છાથી સ્વીકારેલા મૃત્યુ / અનશનનું વર્ણન છે. તે ઉપરાંત માનવ શરીર, અન્ન(ખોરાક), જીવનની રીતભાત, ધ્યાન વગેરે વિષયો ઉપર માહિતી છે. (નોંધઃ પ્રકીર્ણક સૂત્રો સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાયોને માન્ય નથી).*

**<u>૬. ટીકા સાહિત્ય :</u>** *આ છે સાહિત્યનો અમૂલ્ય ખજાનો. તેને ચાર શિર્ષકમાં મુકવામાં આવે છે.*
**(૧)નિર્યુક્તિ (૨) ભાષ્ય (૩) ચુર્ણિ (૪) ચુર્ણિ ટીકા**

*વલ્લભી વાચના થયા બાદના સમયમાં જુદા જુદા આચાર્યોએ ટીકા વગેરેના ગ્રંથો લખ્યા છે. આ ગ્રંથો આગમોનો અર્થ કરવામાં અને સમજાવવામાં ઘણી મદદ કરે છે.*

*આ સાહિત્ય વિશ્વસનીય છે કારણ કે તેના લેખકોઓ જુની પરંપરા અને તે સમયે પ્રવર્તતી લોક માન્યતાઓને જાળવી રાખી છે. આ પુસ્તકોમાંથી તે સમયમાં પ્રવર્તતા સામાજિક રિવાજો, વ્યાપાર, ઉત્સવો, ખાદ્ય પદાર્થો, કપડાં વગેરેની માહીતી મળે છે.*

## ૪૫ આગમોના નામોનું કોષ્ટક આ સાથે આપેલ છે.

**સંદર્ભ ગ્રંથ :**


૧.**આગમ દર્શન**, *સં. ગુણવંત બરવાળીયા.*
૨. **જૈન દર્શન,** *લે. ઝવેરીલાલ કોઠારી.*
૩. **આગમના અજવાળા**, *સં. ડૉ સાધ્વી આરતી, સાધ્વી સુબોધિકા.*
૪. **જૈન આગમ પરિચય,** *શ્રી ત્રિલોકચંદ જૈન દ્વારા સંપાદિત.*
૫. **જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ**-૧, *દર્શન, જ્ઞાન, ન્યાય વિજયજી મહારાજ (ત્રિપુટી બંધુ).*
૬. **જૈન દર્શન સ્વરુપ અને વિશ્લેષણ** *-આચાર્ય દેવેન્દ્રમુનિ.*

# આગમોનું વર્ગીકરણ

## અંગપ્રવિષ્ટ

### ૧૨ અંગ

૧.આચારાંગ સૂત્ર
૨.સૂત્રકૃતાંગ સૂત્ર
૩.સ્થાનાંગ (ઠાણાંગ) સૂત્ર
૪.સમવાયાંગ સૂત્ર
૫.ભગવતી સૂત્ર (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)
૬.જ્ઞાતાધર્મકથા
૭.ઉપાસકદશાંગસત્ર
૮.અંતકૃતદશાંગસૂત્ર
૯.અનુત્તરોપપાતિક સૂત્ર
૧૦.પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧. વિપાક સૂત્ર
૧૨. દ્રષ્ટિવાદ ( લુપ્ત છે.)

## ૩૪ અંગબાહ્ય

### ૧૨ ઉપાંગસૂત્રો

૧.ઔપપાતિક (ઉવવાઈ)સૂત્ર
૨.રાજપ્રશ્નીય (રાયપસેણી)
૩.જીવભિગમ(જીવાજીવાભગમ)
૪.પ્રજ્ઞાપના સૂત્ર
૫.સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર
૬.જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૭.ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર
૮.નિરયાવલિકા સૂત્ર
૯. કલ્પવતંસિકા સૂત્ર
૧૦. પુષ્પિકા સૂત્ર
૧૧. પુષ્પચૂલિકા સૂત્ર
૧૨. વૃષ્ણિદશા સૂત્ર

### ૪ મુળસૂત્રો

૧.ઉત્તરાધ્યયન સૂત્ર
૨. આવશ્યક સૂત્ર
૩. દશવૈકાલિક સૂત્ર
૪. પિંડ નિર્યુક્તિ સૂત્ર

### ૬ છેદ સૂત્રો

૧. નિશીથ સૂત્ર
૨.મહા નિશીથ
૩.બૃહત્કલ્પ સૂત્ર
૪. વ્યવહાર સૂત્ર
૫. દશાશ્રુત સ્કંધ સૂત્ર
૬.જીતકલ્પ સૂત્ર

### ૨ ચૂલિકા સૂત્રો

૧. નંદીસૂત્ર
૨.અનુયોગદ્વાર

### ૧૦ પ્રકીર્ણ સૂત્રો

૧.ચુતઃશરણ સૂત્ર
૨. આતુર પ્રત્યાખ્યાન
૩. મહા પ્રત્યાખ્યાન
૪. ભક્ત પરિજ્ઞા
૫. તંદુલ વૈચારિક
૬.સંસ્તારક
૭.ગચ્છાચાર
૮.ગણિવિદ્યા
૯. દેવેન્દ્ર સ્તવ
૧૦.મરણ સમાધિ